સરકારી કુમાર છાત્રાલય, આદીપુર,
જિ.કચ્છના મકાનના ફર્નિચર બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1807/G

સચિવાલય, ગાંધીનગર

તા.૨૩/૦૩/૨૦૨૩

<u>વંચાણમાં લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૧૪/૨૬૩૨૪/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩૦/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૨-૨૩/૧૧૪૫૦

<u>આમુખ:</u>

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમાજના અન્ય હરોળના વિદ્યાર્થીઓની જેમ જ શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૮/૦૫/૨૦૧૭ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, આદીપુર, જિ.કચ્છના મકાન બાંધકામ માટે રૂ.૮૨૯.૨૯ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ઉક્ત બાંધકામની કામગીરી હાલ પ્રગતિમાં હોઈ, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૩૦/૧૨/૨૦૨૨ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય, આદીપુર, જિ.કચ્છના મકાનના ફર્નિચર માટે રૂ.૪૭,૩૯,૭૪૪/-ના અંદાજો મુજબ ખર્ચ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સરકારી કુમાર છાત્રાલય, આદીપુર, જિ.કચ્છના મકાનના ફર્નિચર માટે રૂ.૪૭,૩૯,૭૪૪/-ના અંદાજો મુજબ ખર્ચ કરવા નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
5. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
6. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની સૂચનાઓ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર SCW-૩૦, સરકારી કુમાર છાત્રાલય આદિપુર, જિ.કચ્છનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની e-file પર નાણા વિભાગની તા.૧૩/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign Signed by: Harit Rajendra Doshi
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Mar-2023 (06:02 PM)

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૩
- ના.સે.અ.શ્રી સિલેકટ ફાઇલ-૨૦૨૩